




ખેડબ્રહ્માની નથ્થુરામ બાપા જયોતિ વિદ્યાલયના પટાંગણમાં સાબરકાંઠા જિલ્લા કક્ષાના ૫૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો-અધિકારીઓ-કર્મચારીઓ તથા શાળાના વિદ્યાર્થીઓ તેમજ આમ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લાના વડા તરીકે ખેડબ્રહ્માની પસંદગી ન થતા તથા પોશીનાને તાલુકો ન બનાવતા સમગ્ર વાતાવરણમાં ગમગીની અને ઉદાસીનતા જોવા મળી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે કોઈ ઉત્સાહ કે જોષ જોવા મળ્યો ન હતો જાણે કે બધુ યંત્રવત ચાલતું હોય તેવો અભાસ થતો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમ વખતે માત્ર શાળાના બાળકો તેમની ટીમના કાર્યક્રમ વખતે જ ચીચીયારીઓ પાડતા હતા ભાજપના કાર્યકરો જાણે પોતાની ફરજના ભાગરૂપે હાજર હોય તેવું તેમના ચહેરા ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું.

# અરવલ્લી જિલ્લાના ખેડબ્રહ્માને વડુમથક ન બનાવાતા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન

ખેડબ્રહ્મા, તા.૧૬

અરવલ્લી જિલ્લાનું વડુમથક ખેડબ્રહ્માને ન બનાવતાં તથા પોશીના તાલુકો જાહેર ન કરવામાં આવતાં ખેડબ્રહ્માના કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલની આગેવાની હેઠળ કાળા વાવટા બતાવી-સુત્રોચ્ચાર કરી દેખાવો કરવામાં આવ્યા હતા.

ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે જણાવ્યું અરવલ્લી જિલ્લાનું વડુ મથક ખેડબ્રહ્માને ન બનાવી મુખ્યમંત્રીએ આદિવાસીઓની ક્રુર મજાક કરી છે. ચુંટણી પહેલા મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે ભાઈઓ તમારા માટે અરવલ્લી જિલ્લો બનાવું છું અને તેનું વડુ મથક ખેડબ્રહ્મા રાખીશ પણ તે તો ન કર્યું પણ મારા મત વિસ્તાર પોશીનાને તાલુકો પણ ન બનાવ્યો-અરવલ્લી જિલ્લાનું વડુ મથક મોડાસા લઈ જઈ બંને જિલ્લાના આદિવાસીઓને મુખ્યમંત્રીએ ઝગડાવી માર્યા છે. આમ તો મોડાસાની માંગણી માઝુમ જિલ્લાની હતી અને તેમના માથે અરવલ્લી જિલ્લો ઠોકી બેસાડયો છે તથી તેમની માગણી પણ સંતોષાઈ નથી. સ્વાતંત્ર દિવસની ઉજવણીના




સ્થળની બહાર કોંગ્રેસે દેખાવો કરી ધારાસભ્યઅશ્વિનભાઈ કોટવાલ-શહેર પ્રમુખ જીજ્ઞેશભાઈ જોષી-પાલિકામાં વિરોધપક્ષના નેતા પ્રવિણસિંહ સોલંકી, જિલ્લા સદસ્ય લીલાબેન ડાભી-નરેશભાઈ પટેલ-જનકસિંહ વાઘેલા, સાગરભાઈ પટેલ, પ્રકાશભાઈ બ્રહ્મભટ્ટ-અમીત શર્મા-હર્ષદભાઈ પટેલ સહિત ૨૦૦ જેટલા કાર્યકરોએ ધરપકડ વહોરી હતી અને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. કાર્યક્રમની પૂર્ણાહુતી પછી તેમને છોડી મુકવામાં આવ્યા હતાં.

# પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૬૭માં સ્વાતંત્ર દિનની ઉજવણી

## પાલનપુર નગરપાલિકામાં યોજાયો ધ્વજ વંદન સમારોહ

સરહદી બનાસકાંઠા જીલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે આજે ૬૭માં સ્વાતંત્ર દિનની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર શહેરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આજે પાલનપુરના પ્રાંત અધિકારી એમ.બી.ઓઝાતના વરદ હસ્તે ધ્વજ વંદન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે તિરંગાને સલામી આપ્યા બાદ પ્રાંત અધિકારી એમ.બી.ઓઝાતે ગાર્ડ ઓફ ઓનરની સલામી ઝીલી હતી. આ સમારોહ દરમિયાન વિવિધ શાળાની બાળાઓ ધ્વારા મનમોહક અને નયનરમ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. આ ઉપરાંત પણ શહેરની વિવિધ શાળા–કોલેજો તથા સરકારી કચેરીઓમાં સ્વાતંત્ર દિનની દેશભકિતસભર માહોલમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

સરહદી બનાસકાંઠા જીલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે આજે ૬૭માં સ્વાતંત્ર દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર નગરપાલિકા ખાતે આજે પાલિકાના પ્રમુખ હસમુખ પઢિયારના વરદ હસ્તે ધ્વજ વંદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે તિરંગાને સલામી આપ્યા બાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પાલિકાના ઉપપ્રમુખ અમૃત જોશી, પાલિકાના નગરસેવકો, પદાધિકારીઓ અને અધિકારીઓ તથા કર્મચારીઓ હાજર રહયા હતા.

# મલાણા પાસે સ્કુલવાન પલટી ખાતા ૧નું મોત : ૪ વિધાર્થીઓને ઈજા

## એ.વી.પંચાલ સ્કુલના અકસ્માતનો ભોગ બનેલા બાળકોના વાલીઓએ સ્કુલ સંચાલકોની લાપરવાહી સામે ઠાલવ્યો બળાપો

પાલનપુર–આબુ હાઈવે પર મલાણા નજીક સ્કુલવાનને અકસ્માત નડયો હતો. જેમાં સ્કુલની વાન પલટી ખાઈ જતા ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. જયારે ધ્વજ વંદન કરી પરત ફરી રહેલા ચાર બાળ ભણતા ચારેક વિધાર્થીઓ ઘાયલ થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, નશામાં મદમસ્ત ચાલકે કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હોવાનું ઈજાગ્રસ્ત અકસ્માતનો ભોગ બન્યા હોવાનો બળાપો વાલીઓએ ઠાલવ્યો હતો. અગાઉ પણ ડીસા હાઈવે સ્થિત એક ઈંગ્લીશ મીડીયમ સ્કુલની વિધાથીર્નીએ સ્કુલવાનચાલકના કારણે




કોને ઈજા થઈ હતી.

પાલનપુરની એ.વી.પંચાલ શાળામાં સ્વાતંત્ર દિન નિમિત્તે ધ્વજ વંદન કરી શાળાના વિધાર્થીઓ સ્કુલની વાન મારફતે પરત ફરી રહયા હતા. ત્યારે મલાણા પાટીયા નજીક વાન પલટી ખાઈ ગઈ હતી. જેમાં વાનચાલકનું મોત નીપજયું હતું. જયારે શાળામાં અપાતા આજે વિધાર્થીઓ વિધાર્થીઓએ જણાવ્યું હતું. સ્કુલવાનનો ચાલકને પીવાની ટેવ હતી. અને તે વાન નશાયુકત હાલતમાં ચલાવતો હતો. અગાઉ વાલીઓ દ્વારા તેને ટોકવામાં પણ આવ્યો હતો. આ ઉપરાંત શાળાના સંચાલકોને ફરીયાદ પણ કરાઈ હતી. આમ છતાં ધ્યાન ન આપઘાત કર્યો હતો. જેમાં કલેકટરના પી.એ. થકી મામલો રફેદફે થયો હોવાની ચર્ચાઓએ પણ વેગ પકડયો હતો.આમ, સ્કુલવાનને અકસ્માત નડતા સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવેલા વિધાર્થીઓના વાલીઓએ શાળાઓની લાપરવાહી સામે રોષ ઠાલવ્યો હતો.




## ડીસા ખાતે લોહાણા મહાપરિષદ દ્વારા રઘુવંશી હીર શોધ પ્રતિયોગીતા યોજાઈ

લોહાણા સમાજની માતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સમગ્ર વિશ્વના લોહાણાઓની લોહાણા જ્ઞાતિના ઈતીહાસ વિશેની એક પરીક્ષા યોજાઈ. જેમાં સમગ્ર વિશ્વમાંથી ૪૨૦૦ ફોર્મ ભરાયેલ અને ૨૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપેલ. ૧૫ વર્ષથી ઉપરની વય મર્યાદા વાળા લોહાણા સમાજના ભાઈ બહેનોએ ડીસાની એસ.સી.ડબલ્યુ હાઈસ્કુલ ખાતે પરીક્ષા આપી અને ડીસાના ૧૩૭ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાં લોહાણા સમાજના દસ શિક્ષકો તથા અમદાવાદથી બે સુપરવાઈઝરો એ સ્કોડ તરીકે ફરજ બજાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભગવાનભાઈ ઠક્કર, દયારામભાઈ ઠક્કર, કનુભાઈ ઠક્કર, નટુભાઈ ઠક્કર, મહેશભાઈ ઠક્કર, પ્રકાશભાઈ ઠક્કર, રજનીભાઈ ઠક્કર, સુરેશભાઈ ઠક્કર, આનંદભાઈ ઠક્કર તેમજ નિલેશભાઈ ઠક્કર વિગેરે ઠક્કર સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.



વાવ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીએ ૬૭ મા સ્વાતંત્રય દિને તેમના મતવિસ્તાર ભાભર શહેરમાં નગરપાલિકા ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

# સ્વાતંત્ર દિને મુખ્યમંત્રીએ કરેલા પ્રવચન સામે પાલનપુર ખાતે કોગ્રેંસે યોજયા ધરણાં



સ્વાતંત્ર દિનની ઉજવણી ટાણે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલા ભાષણથી રાજકીય ગલીયારાઓમાં હલચલ મચી જવા પામી છે. મુખ્યમંત્રી મોદીના રાજકીય ભાષણને અપમાનજનક ગણાવતા આજે બનાસકાંઠા જીલ્લા કોગ્રેંસે ધરણાં યોજયા હતા. જેમાં મોદી વિરોધી સુત્રોચ્ચાર વચ્ચે મુખ્યમંત્રી માફી માંગે તેવી માંગણી કરાઈ હતી.

પાલનપુર ખાતે આજે બનાસકાંઠા જીલ્લા કોગ્રેંસ દ્વારા મુખ્યમંત્રી મોદીના સ્વાતંત્ર દિનના ભાષણ સામે ધરણાં યોજવામાં આવ્યા હતા. જેમાં દેશની આઝાદીના પર્વની ગરિમાને વિસારી દઈ વડાપ્રધાન સામે વાકબાણો છોડી મુખ્યમંત્રી મોદીએ કરેલા રાજકીય અને છીછરા ભાષણ સામે ભારે વિરોધ પ્રદર્શિત કરાયો હતો. મોદી વિરોધી નારા સાથે કોગ્રેંસી કાર્યકરોએ મોદીને "ફેકુ" ગણાવ્યા હતા. કોગ્રેંસના કાર્યકરોએ મોદીને ભગવાન સદબુધ્ધિ આપે તેવી પ્રાર્થના પણ કરી હતી.

## ચિત્રાસણી અને કાણોદર પાસે સર્જાયેલા અકસ્માતમાં ર૬થી વધુ ઘાયલ

૧૫મી ઓગસ્ટના દિવસે પાલનપુર પંથકમાં અકસ્માતોની વણથંભી વણઝાર જારી રહેવા પામી હતી. જેમાં પાલનપુર–આબુ હાઈવે પર ચિત્રાસણી નજીક લકઝરી બસ અને જીપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧૧થી વધુ લોકો ઘાયલ થયા હતા. જયારે કાણોદર નજીક ટવેરા અને જીપ વચ્ચે થયેલા અકસ્માતમાં પણ ૧૫ થી વધુ ઘાયલ થયા હતા. આ તમામ ઘાયલોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયારે આજે રતનપુર પાસે પણ અકસ્માત સર્જાયો હોવાના અહેવાલ સાંપડયા છે.

# પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં તિરંગાના કથિત અપમાનનો મામલો પહોંચ્યો પોલીસ થાણે

## સલામી આપ્યા બાદ રાષ્ટ્રધ્વજ ઉતારી લેવાતા સર્જાયો વિવાદ : સરપંચ સામે ખુદ ગ્રામપંચાયતના સદસ્યોએ ચડાવી બાંયો

સમગ્ર રાષ્ટ્ર જયારે ૬૭માં સ્વાતંત્ર દિનની ઉજવણી કરી રહયું હતું. ત્યારે પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં રાષ્ટ્રધ્વજના કથિત અપમાનને લઈને વિવાદ સર્જાયો હતો. તિરંગાના અપમાનને લઈને મામલો પોલીસ થાણે પહોંચતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુર તાલુકાનું લઘુમતિ સમુદાયની બહુમતિ ધરાવતું કાણોદર ગામ આવેલું છે. કાણોદર ગ્રામ પંચાયત ખાતે આજે રાષ્ટ્રધ્વજનું અપમાન થયું હોવાનો ગંભીર મામલો સામે આવ્યો હતો. ગ્રામપંચાયત કચેરી ખાતે તિરંગાને સલામી આપવા પહોંચેલા ગ્રામપંચાયતના સદસ્યોને તિરંગો નજર નહી આવતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

ગ્રામપંચાયતના સદસ્યોએ કરેલા આક્ષેપો મુજબ, ગામના સરપંચ ધ્વારા રાષ્ટ્રધ્વજને ઉતારી લેવાતા તિરંગાનું અપમાન થયું છે. જેની સામે ગ્રામપંચાયતના સદસ્યો પાલનપુર તાલુકા પોલીસ મથકે દોડી આવ્યા હતા. જયાં તેઓએ તિરંગાના કથિત અપમાન સામે લેખિત ફરીયાદ કરી હતી.

જોકે, આ મામલે સરપંચનો સંપર્ક ન થતા તેઓની પ્રતિક્રિયા જાણી શકાઈ નથી. પરંતુ તિરંગાના અપમાનને લઈને ખુદ ગ્રામપંચાયતના સભ્યોએ સરપંચ સામે બાંયો ચડાવતા ચકચાર મચી જવા પામી હતી.

# ડીસા શહેરમાં ૬૭માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ઠેરઠેર ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ડીસા શહેરમાં ૯૭માં સ્વાતંત્ર્ય દિનની ધામધુમ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. વરસાદી માહોલ વચ્ચે પણ રાષ્ટ્રપ્રેમી નાગરીકોએ દેશની આન, બાન અને સાન સમા રાષ્ટ્ર ધ્વજને સલામી આપી પોતાની ફરજ અદા કરી હતી.




ડીસા મામલતદાર કચેરી ખાતે નાયબ કલેકટરશ્રી બી.કે.પટેલ ના વરદ હસ્તે ધ્વજ વંદન કરાયું હતુ. જ્યારે ડીસા તાલુકા પંચાયત કચેરી ખાતે તા.પ.પ્રમુખ વિજાબેન વાઘેલાએ ધ્વજવંદન કર્યુહતુ અને ગાંધીચોક ખાતે નગરપાલિકા આયોજીત કાર્યક્રમ માં પાલીકાના પ્રમુખ તેજલબેન પટેલે ધ્વજવંદન કર્યુહતુ આ ઉપરાંત શહેરની વિવિધ શાળાઓમાં ધ્વજવંદન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. બાળકો સવારે વરસાદી માહોલ વચ્ચે પણ નવા ડ્રેસમાં સજ્જ થઈ નિકળી પડ્યા હતા. જો કે વરસાદ અવિરત ચાલુ રહેતા બાળકો ને વિક્ષેપ પડ્યો હતો અને ચાલુ વરસાદમાં મેદાન માં ઉભા રહેવું પડ્યું હતુ. શહેરમાં દેશભક્તિ ના ગીતો દિવસભર સાંભળવા મળ્યા હતા. શહેરમાં સાંજે પણ કેટલીક સંસ્થાઓ દ્વારા દેશભક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ. શહેરમાં આવેલ સંત અન્ના હાઈસ્કૂલમાં યોજાયેલ ધ્વજ વંદન કાર્યક્રમમાં ડીસા શહેર ભાજપના મહામંત્રી પ્રણવભાઈ પઢિયાર દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આપ્રસંગે ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



૧૫મી ઓગસ્ટ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ઉમરેઠ મામલતદાર કચેરી ખાતે ૬૭માં સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મામલતદાર જી.આર. વસાવાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પર્વે ડી.વાય.એસ.પી. ફાલ્ગુનીબેન પટેલ, પી.એસ.આઈ. મોઢીયા અન્ય પોલીસ કર્મીઓ રાજકીય આગેવાનો અન્ય નાગરિકો જોડાયા હતા અને સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. (તસવીર : શહીદ ચૌહાણ)